dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-205 | AD-2026, Vaishakh Vad -01 | Saturday, Dt.02-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### જીએસટીના અમલીકરણ પછી અત્યાર સુધીનું સૌથી વધુ ટેક્સ કલેક્શન નોંધાયું

## એપ્રિલમાં GST કલેક્શન રૂ. ૨.૪૩ લાખ કરોડને પાર

નવી દિલ્હી, ૧ મે, ૨૦૨૬

ભારતીય અર્થતંત્ર માટે એપ્રિલ ૨૦૨૬નો મહિનો સુવર્ણ અક્ષરે લખાય તેવો સાબિત થયો છે. દેશમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ના અમલીકરણ પછી અત્યાર સુધીનું સૌથી વધુ ટેક્સ કલેક્શન નોંધાયું છે. સરકારી તિજોરીમાં રૂ.૨.૪૩ લાખ કરોડની જંગી આવક થતાં આર્થિક ક્ષેત્રે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ આંકડો માત્ર એક રેકોર્ડ નથી, પરંતુ ભારતની વધતી જતી આર્થિક ક્ષમતાનું પ્રતિબિંબ પણ છે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના ડેટા મુજબ, એપ્રિલ ૨૦૨૬માં કુલ GST કલેક્શન રૂ૨,૪૩,૦૦૦ કરોડ રહ્યું છે. જો તેની સરખામણી અગાઉના વર્ષો સાથે કરવામાં આવે તો એપ્રિલ ૨૦૨૫: રૂ૨.૨૩ લાખ કરોડ (આશરે ૮.૭% ની વાર્ષિક વૃધ્ધિ). માર્ચ ૨૦૨૬: રૂ૨.૦૦ લાખ કરોડ (એક જ મહિનામાં મોટો ઉછાળો). રિફંડ બાદની ચોખ્ખી GST આવક રૂ૨.૧૧ લાખ કરોડ નોંધાઈ છે, જે ગત વર્ષના સમાન ગાળાની સરખામણીએ ૭.૩% નો નોંધપાત્ર વધારો દર્શાવે છે.



આ વખતના રેકોર્ડ બ્રેક કલેક્શનમાં સૌથી મહત્વનું પાસું 'આયાત' (Improt) રહ્યું છે. આયાતી વસ્તુઓ પરના GST માં ૨૫.૮% નો તોતિંગ વધારો જોવા મળ્યો છે, જેની કુલ આવક રૂ.૫૭,૫૮૦ કરોડ થઈ છે. તેની સામે સ્થાનિક વ્યવહારોમાંથી થતી આવક રૂ.૧.૮૫ લાખ કરોડ રહી છે, જેમાં ૪.૩% નો સાધારણ વૃધ્ધિ દર જોવા મળ્યો છે. આ વિશ્લેષણ સ્પષ્ટ કરે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે થતા વેપાર અને મોંઘી આયાતને કારણે ટેક્સની રકમમાં મોટો વધારો થયો છે.

પશ્ચિમ એશિયામાં સર્જાયેલી ભૌગોલિક-રાજકીય અસ્થિરતા અને યુધ્ધ જેવી સ્થિતિને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો છે. એપ્રિલ દરમિયાન બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૨૬ ડોલર ને વટાવી ગયા હતા. ઈંધણ અને સંકળાયેલી ચીજવસ્તુઓની આયાત મોંઘી થવાને કારણે ટેક્સની વસૂલાતમાં સીધો વધારો જોવા મળ્યો છે.

સરકારે એપ્રિલ મહિનામાં રિફંડ પ્રક્રિયામાં પણ ઝડપ બતાવી છે. કુલ રિફંડ ૧૯.૩% વધીને રૂ.૩૧,૭૯૩ કરોડ પર પહોંચ્યું છે. રસપ્રદ વાત એ છે કે સ્થાનિક રિફંડમાં ૫૪.૬% નો જંગી ઉછાળો આવ્યો છે, જ્યારે નિકાસ સંબંધિત રિફંડમાં થોડો ઘટાડો નોંધાયો છે. આ દર્શાવે છે કે સરકાર ટેક્સપેયર્સને સમયસર નાણાં પરત કરવાની પ્રક્રિયાને વેગ આપી રહી છે.

જોકે આંકડાઓ ખૂબ જ આશાસ્પદ છે, પરંતુ આર્થિક નિષ્ણાતો સાવચેતી રાખવાની પણ સલાહ આપી રહ્યા છે. માર્ચમાં વૃધ્ધિ દર ૮.૮% હતો જે એપ્રિલમાં ઘટીને ૮.૭% થયો છે. સ્થાનિક વપરાશમાં જોવા મળેલી ધીમી ગતિ ચિંતાનો વિષય બની શકે છે. જો આગામી સમયમાં વૈશ્વિક સ્થિતિ શાંત પડે અને સ્થાનિક માંગમાં વધારો થાય તો ભારત દર મહિને રૂ.૨.૫૦ લાખ કરોડના લક્ષ્યાંકને પણ આંબી શકે છે.

## અગ્નિ-૬ મિસાઈલ માટે DRDO સજ્જ, કેન્દ્રની મંજૂરી બાદ પરીક્ષણ શરૂ થશે

નવી દિલ્હી, તા.૦૧

ભારતની સંરક્ષણ સંશોધન સંસ્થા, DRDO (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન), આગામી પેઢીની અત્યાધુનિક બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ-૬' માટે સંપૂર્ણપણે તૈયાર છે. તાજેતરમાં યોજાયેલી 'રાષ્ટ્રીય સુરક્ષા સમિટ ૨.૦' માં DRDO ના અધ્યક્ષ સમીર વી. કામતે મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ હવે માત્ર કેન્દ્ર સરકારની મંજૂરીની રાહ જોઈ રહ્યો છે. સરકાર તરફથી પરવાનગી મળતાની સાથે જ DRDO આ દિશામાં આગળ




વધવા સક્ષમ છે. સમિટ દરમિયાન કામતે ભારતના હાઈપરસોનિક ગ્લાઈડ મિસાઈલ કાર્યક્રમ વિશે પણ વિગતો આપી હતી. તેમણે જણાવ્યું કે ભારત હાલમાં બે પ્રકારની હાઈપરસોનિક મિસાઈલો પર કામ કરી રહ્યું છે. હાઈપરસોનિક ગ્લાઈડ મિસાઈલ જે બૂસ્ટર દ્વારા વેગ મેળવ્યા બાદ એન્જિન વિના ગ્લાઈડ કરે છે. હાઈપરસોનિક ક્રૂઝ મિસાઈલ જે સ્ક્રેમજેટ એન્જિનથી સજ્જ હોય છે અને સતત સંચાલિત રહે છે. કામતે સ્પષ્ટ કર્યું કે ગ્લાઈડ મિસાઈલનો વિકાસ અત્યંત અદ્યતન તબક્કામાં છે અને તેનું પ્રથમ પરીક્ષણ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવી શકે છે. ભારત હવે એક મજબૂત પરંપરાગત મિસાઈલ દળ (Conventional Missile Froce) બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ દળમાં ૨,૦૦૦ કિલોમીટર સુધીની રેન્જ ધરાવતી ટૂંકા અને મધ્યમ અંતરની બેલિસ્ટિક તેમજ ક્રૂઝ મિસાઈલોનો સમાવેશ કરવામાં આવશે. સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે પણ સમર્થન આપ્યું હતું કે ભારત બહુ-સ્તરીય મિસાઈલ સિસ્ટમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

વર્તમાન તૈયારીઓ અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલ 'પ્રલય' તેના પરીક્ષણના અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં તેને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે.

## સરકારે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.૯૯૩નો તોતિંગ વધારો ઝીંક્યો

નવી દિલ્હી, તા.૦૧

મે મહિનાની શરૂઆત સાથે જ મોંઘવારીએ માઝા મૂકી છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં એકાએક રૂ.૯૯૩નો જંગી વધારો ઝીંકી દીધો છે. આ વધારાની સીધી અસર હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને નાના ખાણી-પીણીના વ્યવસાયો પર પડશે. જોકે, રાહતની વાત એ છે કે ૧૪.૨ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં હાલ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.



આ ભાવવધારા બાદ દેશના મહાનગરોમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ સિલિન્ડરની કિંમત આસમાને પહોંચી છે.

દિલ્હી જે સિલિન્ડર પહેલા રૂ.૨૦૭૮.૫૦ માં મળતું હતું, તેની કિંમત હવે રૂ.૩૦૭૧.૫૦ થઈ ગઈ છે. મુંબઈમાં નવી કિંમત રૂ.૩૦૨૪ પર પહોંચી છે. પશ્ચિમ બંગાળની રાજધાનીમાં ભાવ વધીને રૂ.૩૨૦૨ થયા છે. ઉત્તર પ્રદેશના આગ્રા, લખનૌ અને ગોરખપુર જેવા શહેરોમાં પણ આશરે રૂ.૯૯૩નો વધારો નોંધાયો છે. આનાથી નાના વેપારીઓના બજેટ ખોરવાઈ ગયા છે. ભાવવધારાની સાથે ૧ મેથી ગેસ ડિલિવરીના નિયમો પણ કડક કરવામાં આવ્યા છે. હવે સિલિન્ડરની ડિલિવરી વખતે ગ્રાહકના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર એક OTP (વન ટાઈમ પાસવર્ડ) આવશે. આ ઓટીપી ડિલિવરી બોયને આપ્યા બાદ જ સિલિન્ડર સોંપવામાં આવશે. આ નવી વ્યવસ્થાનો હેતુ કાળાબજાર અને છેતરપિંડી રોકવાનો છે.

ભલે ઘરેલુ ગેસના ભાવ સ્થિર હોય, પરંતુ કોમર્શિયલ ગેસ મોંઘો થવાથી બહાર જમવાનું કે નાસ્તો કરવો મોંઘો બની શકે છે. હોટલ સંચાલકો આ બોજ ગ્રાહકો પર નાખશે, જેના કારણે પરોક્ષ રીતે સામાન્ય જનતાના ખિસ્સા પર ભાર વધશે.

### ગત વર્ષ કરતા ૧૭૦%નો ઉછાળા સાથે

## EDએ એક વર્ષમાં રૂ.૮૧,૪૨૨ કરોડની સંપત્તિ જપ્ત કરી

નવી દિલ્હી,તા.૦૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના ૭૦મા સ્થાપના દિવસ પ્રસંગે ડાયરેક્ટર રાહુલ નવીને એજન્સીની કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે બદલાતા સમય સાથે આર્થિક ગુનાઓનું સ્વરૂપ જટિલ બન્યું છે. હવે બેંક છેતરપિંડી ઉપરાંત ક્રિપ્ટોકરન્સી, સાયબર ક્રાઈમ અને આતંકવાદી ભંડોળ જેવા નવા પડકારો સામે ED




મજબૂતીથી લડી રહી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં EDyu PMLA હેઠળ ૮૧૨ ચાર્જશીટ દાખલ કરી છે, જે અગાઉના વર્ષ કરતા લગભગ બમણી છે. એજન્સીનો દોષિત ઠેરવવાનો દર (Conviction Rate) ૯૪% રહ્યો છે, જે તેની સચોટ તપાસ પધ્ધતિ દર્શાવે છે. છેલ્લા બે વર્ષમાં એજન્સીએ તેના કુલ કેસોના ૪૧% કેસ દાખલ કરીને તપાસની ગતિ તેજ કરી છે.

ગયા નાણાકીય વર્ષમાં EDએ રૂ.૮૧,૪૨૨ કરોડની સંપત્તિ જપ્ત કરી છે, જે પાછલા વર્ષની સરખામણીએ ૧૭૦% નો વધારો સૂચવે છે. અત્યાર સુધીમાં કુલ રૂ.૨.૩૬ લાખ કરોડની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે. મહત્વની વાત એ છે કે, કાયદાકીય સુધારા બાદ EDએ અત્યાર સુધીમાં રૂ.૬૩,૧૪૨ કરોડ બેંકો અને છેતરાયેલા રોકાણકારોને પરત કર્યા છે.

માર્ચ ૨૦૨૬ સુધીમાં ૫૪ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી ૨૧ ને ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભારત હવે એશિયા-પેસિફિક એસેટ રિકવરી નેટવર્કનું નેતૃત્વ કરી રહ્યું છે. નવી ટેકનોલોજી અને મજબૂત તપાસ પ્રણાલી દ્વારા ED દેશની આર્થિક વ્યવસ્થાનું રક્ષણ કરવા કટિબધ્ધ છે.

## બંગાળમાં ઈવીએમ સાથે છેડછાડના મમતા બેનરજીના આરોપાને ચૂંટણી પંચે ફગાવ્યા

કોલકાતા, તા.૦૧

પશ્ચિમ બંગાળમાં મતગણતરી પૂર્વે રાજકીય માહોલ ગરમાયો છે. ગુરુવારે મોડી રાત્રે મુખ્યમંત્રી મમતા બેનર્જી કોલકાતાની શેખાવત મેમોરિયલ સ્કૂલ ખાતેના સ્ટ્રોંગ રૂમની મુલાકાતે પહોંચ્યા હતા. ત્યાં તેમણે ઈવીએમ (EVM) અને ગણતરી પ્રક્રિયા સાથે છેડછાડના ગંભીર આરોપો લગાવ્યા હતા અને કોઈપણ ગેરરીતિ સામે 'મૃત્યુ સુધી લડવાની' તૈયારી દર્શાવી હતી. ભવાનીપુર સ્ટ્રોંગ રૂમની બહાર મીડિયા સાથે વાત કરતા મમતા બેનર્જીએ જણાવ્યું કે, "જો ઈવીએમ ચોરી કરવાનો કે મતમાં ફેરફાર કરવાનો પ્રયાસ થશે, તો અમે લડીશું. મેં ટીવી પર ગેરરીતિઓના સમાચાર જોયા એટલે હું અહીં આવી છું." તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે કેન્દ્રીય દળોએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઉમેદવાર તરીકે તેમને ત્યાં જવાનો પૂરો અધિકાર છે.

તેમણે ચૂંટણી પંચને પણ આડકતરી ધમકી આપતા કહ્યું કે, "આ લોકો ગુજરાતથી મતગણતરી કરવા આવ્યા છે, આ અમારો વિસ્તાર છે." તૃણમૂલ કોંગ્રેસના આરોપો સામે ચૂંટણી પંચે ત્વરિત જવાબ આપ્યો છે. પંચે સ્પષ્ટતા કરી છે કે તમામ સ્ટ્રોંગ રૂમ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને સીલબંધ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોના જવાબમાં અધિકારીઓએ જણાવ્યું કે, મતદાન પૂર્ણ થયા બાદ નિરીક્ષકો અને એજન્ટોની હાજરીમાં જ સ્ટ્રોંગ રૂમ સીલ કરવામાં આવ્યા હતા.







## હિમાચલના રૂ.૨.૨૫ લાખ કર્મચારીઓના બાકી DA અંગે હાઈકોર્ટે સરકારને નોટીસ ફટકારી

શિમલા, તા.૦૧

હિમાચલ પ્રદેશમાં સરકારી કર્મચારીઓના બાકી મોંઘવારી ભથ્થા (DA) મામલે કાનૂની લડાઈ તેજ બની છે. રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રની તુલનામાં ઓછું ડીએ આપવા અને સમયસર ચુકવણી ન કરવાના વિરોધમાં થયેલી અરજી પર સુનાવણી કરતા, હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે રાજ્ય સરકારને કારણદર્શક નોટિસ ફટકારી છે. ન્યાયાધીશ જિયાલાલ ભારદ્વાજની બેન્ચે સરકારને ચાર અઠવાડિયામાં જવાબ દાખલ કરવાનો આદેશ આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૪ જૂને હાથ ધરાશે. અરજદારે કોર્ટમાં દલીલ કરી હતી કે કેન્દ્ર સરકાર તેના કર્મચારીઓને ૬૦% ના દરે ડીએ ચૂકવે છે, જ્યારે હિમાચલ સરકાર માત્ર ૪૫% ચૂકવે છે. રાજ્યના કર્મચારીઓને કેન્દ્ર કરતા ૧૫% ઓછું ભથ્થું મળી રહ્યું છે. હિમાચલ પ્રદેશમાં પોતાનું પગાર પંચ ન હોવાથી તે પંજાબ પેટર્ન અથવા કેન્દ્રના ફોર્મ્યુલાને અનુસરે છે. આથી, ૨.૨૫ લાખ કર્મચારીઓએ ૧ જુલાઈ, ૨૦૨૪ થી બાકી રહેલા તમામ હપ્તાઓની તાત્કાલિક ચુકવણીની માંગ કરી છે.

વોર્ડ નં.૭ના મહિલા સદસ્ય ઈલેક્ટ્રીક એન્જિનિયર તો વોર્ડ નં.૬ના મહિલા સદસ્ય અભણ

# બગસરા પાલિકાના ચૂંટાયેલા મોટાભાગના સદસ્યો ધો.૧૦ પાસ પણ નહી

**પાંચ ઉમેદવારો ગ્રેજ્યુએટ, સોગંદનામાના આધારે થયો ખુલાસો**

બગસરા,તા.૦૧

બગસરા નગરપાલિકાની તાજેતરમાં જ ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપે ૨૨ બેઠકો તો કોંગ્રેસના ફાળે માત્ર ૬ બેઠકો આવી હતી. આ વખતે નગરપાલિકામાં મોટાભાગના નવા ચહેરાઓને તક આપવામાં આવી હતી ત્યારે તેઓ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરેલા સોગંદનામા મુજબ મોટાભાગના સદસ્યો ધો.૧૦ પાસ પણ ન હોવાનુ સામે આવ્યુ છે. બગસરા નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં ભાજપે વિપક્ષોના સૂપડા સાફ કરી નાખ્યા છે. મોટાભાગના નવા ચહેરા પાલિકાની ચૂંટણી જીત્યા હોવાથી જૂના જોગીઓને હવે ઘરે બેસવાનો વારો આવ્યો છે ત્યારે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ચૂંટણી અધિકારીઓ સમક્ષ રજૂ કરેલા સોંગદનામાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. જેમાં ચૂંટાયેલા મોટાભાગના સદસ્યો ધો.૧૦ પાસ પણ નથી. જો કે વોર્ડ નં.૭ની મહિલા સદસ્યા ઈલેકટ્રીક એન્જિનયર છે તો વોર્ડ નં.૬ની મહિલા સદસ્યા અભણ છે. પાંચ સદસ્યો ગ્રેજ્યુએટ, ત્રણ સદસ્ય ધો.૧૨ પાસ હોવાનુ સામે આવ્યુ છે. મોટાભાગના સદસ્યો ધો.૧૦ પાસ પણ ન હોય ત્યારે શહેરના વિકાસ માટે કેવી કામગીરી થશે તે આવનારો સમય કહેશે.

**બગસરા પાલિકાના ચૂંટાયેલા સદસ્યોના અભ્યાસની માહિતી**

| વોર્ડ | ઉમેદવારના નામ | પક્ષ | અભ્યાસ |
|---|---|---|---|
| ૧ | ઈલાબેન જેબલીયા | ભાજપ | ધો.૭ પાસ |
| ૧ | હંસાબેન તેરૈયા | ભાજપ | ધો.૭ પાસ |
| ૧ | રમેશભાઈહિરપરા | ભાજપ | ગ્રેજ્યુએટ |
| ૧ | વિપુલ પાથર | ભાજપ | ધો.૧૨ પાસ |
| ૨ | વિશ્વાબેન નકુમ | ભાજપ | બીએસસી નર્સિંગ |
| ૨ | વીણાબેન સરવૈયા | ભાજપ | ધો.૯ પાસ |
| ૨ | ભાવેશ પરમાર | ભાજપ | ધો.૭ પાસ |
| ૨ | દિનેશ હડીયલ | ભાજપ | ધો.૧૦ પાસ |
| ૩ | નયન પરમાર | ભાજપ | ગ્રેજ્યુએટ |
| ૩ | સંગીતાબેન જાદવ | ભાજપ | ધો.૯ પાસ |
| ૩ | સોનલબેન ઢોલરીયા | ભાજપ | ધો.૯ પાસ |
| ૩ | રમેશ સતાણી | ભાજપ | ધો.૮ પાસ |
| ૪ | નિરવ ગોંડલીયા | ભાજપ | કોલેજના બે વર્ષ |
| ૪ | મનિષાબેન આદ્રોદા | ભાજપ | ધો.૭ પાસ |
| ૪ | વિપુલ જાદવ | ભાજપ | ધો.૩ પાસ |
| ૪ | દક્ષાબેન કિકાણી | ભાજપ | ધો.૭ પાસ |
| ૫ | ચિરાગ પરમાર | ભાજપ | ધો.૧૦ પાસ |
| ૫ | અસ્મિતાબેન સોજીત્રા | ભાજપ | ધો.૧૦ પાસ |
| ૫ | અનિલકુમાર શેખ | કોંગ્રેસ | એલએલબી |
| ૫ | રજીયાબેન હૈદરા | કોંગ્રેસ | ધો.૭ પાસ |
| ૬ | જમાલભાઈ સરવૈયા | કોંગ્રેસ | ધો.૮ પાસ |
| ૬ | ફરજાનાબેન બીલખીયા | કોંગ્રેસ | ધો.૭ પાસ |
| ૬ | નિર્મળાબેન રવૈયા | કોંગ્રેસ | અભણ |
| ૬ | કરણભાઈ વાળા | ભાજપ | ધો.૧૨ પાસ |
| ૭ | વિઠ્ઠલભાઈ લાખાણી | કોંગ્રેસ | ધો.૮ પાસ |
| ૭ | કોમલબેન સોનગરા | ભાજપ | ઈલે.એન્જિનિયર |
| ૭ | ચંદ્રિકાબેન જલસાણીયા | ભાજપ | ધો.૮ પાસ |
| ૭ | નિલેશ એપા | ભાજપ | ગ્રેજ્યુએટ |

યુવાન પર અભિનંદનની વર્ષા

# નાની કુંકાવાવના યુવાનનો ટાઉન પ્લાનિંગ આસિસ્ટન્ટની પરીક્ષામાં રાજયમાં પ્રથમ ક્રમ

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લાના નાની કુંકાવાવ ગામના તેજસ્વી યુવાન ગૌરવ મુકેશભાઈ ખુંટે પોતાની અદભૂત પ્રતિભા દ્વારા ફરી એકવાર સમગ્ર રાજ્યમાં ડંકો વગાડ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) દ્વારા આયોજિત ટાઉન પ્લાનિંગ આસિસ્ટન્ટની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગૌરવભાઈએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરીને પોતાના પરિવાર અને પંથકનું ગૌરવ વધાર્યું છે. સતત બીજી વખત રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમ મેળવવો છે.ગૌરવ ખૂંટને પરિવારના સભ્યો તેમજ મિત્રવર્તુળ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.




# અમરેલી ગણિત વર્તુળ દ્વારા નિ:શૂલ્ક સમર કેમ્પ યોજાશે

**તા.૧૦થી ૧૬ મે દરમિયાન ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે આયોજન**

અમરેલી,તા.૦૧

ધોરણ ૬થી ૧૦ના વિદ્યાર્થીઓ વેકેશનનો સદુપયોગ કરીને પોતાની માનસિક અને તાર્કિક શક્તિ વિકસાવે તે માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ખાસ તો ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોમાં વિદ્યાર્થીઓ વધુ રસ લેતા થાય અને પાયાના સિદ્ધાંતો દઢ થાય તે માટે વિષય નિષ્ણાતો દ્વારા વિવિધ પ્રવૃત્તિ કરાવવામાં આવશે. આ કેમ્પ તા. ૧૦થી ૧૬ મે દરમિયાન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ, લાઠી રોડ અમરેલી ખાતે સવારે ૮થી ૧૧.૩૦ સુધી યોજાશે. રસ ધરાવતા વિદ્યાર્થીઓએ ૮ મે સુધીમાં નોંધણી કરાવવી. વધુ વિગત માટે મો. નં. ૯૭૨૭૭-૯૬૮૩૪ અથવા ૯૪૨૭૫-૦૫૧૦૭ પર સંપર્ક કરવો.

# ગીર અભ્યારણ્યના પ્રતિબંધિત વિસ્તારમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પર રોક

અમરેલી,તા.૦૧

તાજેતરમાં ગીર અભયારણ્યના પ્રતિબંધિત વિસ્તારમાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાત્રિ રોકાણ અંગેની એક પત્રિકા સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ હતી, જે બાબતે ગીર પૂર્વ વન વિભાગે સ્પષ્ટતા કરી છે કે આવી કોઈ પણ પરવાનગી આપવામાં આવી નથી. વન્યજીવોના વિશાળ હિતમાં ભવિષ્યમાં પણ આવી કોઈ મંજૂરી અપાશે નહીં અને નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ગીર પૂર્વમાં સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, જે કર્મચારીઓના અવિરત પરિશ્રમનું પરિણામ છે. સંવેદનશીલ વિસ્તારોમાં દિવસ-રાત પેટ્રોલિંગ દ્વારા વન્યજીવોનું રક્ષણ સુનિશ્ચિત કરવામાં આવે છે. વિભાગ સ્થાનિક હિતધારકો સાથે સહઅસ્તિત્વ જાળવીને ટકાઉ વિકાસ માટે કટિબધ્ધ છે.

# લાઠીમાં આંગણવાડી કાર્યકરો દ્વારા ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર

અમરેલી,તા.૦૧

લાઠી તાલુકાની આંગણવાડી કાર્યકર અને આશા વર્કર બહેનોએ પડતર માંગણીઓ સાથે ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર જાહેર કર્યો છે. સરકારે આપેલા નવા મોબાઈલમાં એપ્લિકેશનો ન ખુલતી હોવાથી ગંભીર અડચણો ઊભી થઈ છે, છતાં તંત્ર દ્વારા કામગીરી માટે સતત દબાણ કરવામાં આવે છે. છેલ્લા દોઢ વર્ષથી ઈન્સેન્ટિવ અને ચાર મહિનાથી નાસ્તાના બિલો બાકી હોવા છતાં બહેનો પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરી બાળકોને પોષણ પૂરું પાડે છે. રાશન અને HR ના જથ્થાના અભાવે FRS જેવી કામગીરી કરવી અશક્ય બની છે. માત્ર રૂ. ૫,૫૦૦ થી ૧૦,૦૦૦ ના અલ્પ વેતનમાં ૧૨ કલાક કામ લેવામાં આવતું હોવાથી રોષ વ્યાપ્યો છે. બહેનોએ સ્પષ્ટ કર્યું છે કે હવે પર્સનલ ફોનનો ઉપયોગ બંધ કરી માત્ર સરકારી મોબાઈલમાં કામ થશે, જેમાં ટેકનિકલ ખામીને લીધે થતા વિલંબની જવાબદારી તંત્રની રહેશે. જો પ્રશ્નો નહીં ઉકેલાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

-:: NAME CHANGE ::-
I, DIPTIBEN PRAKASHBHAI RANINGA, hereby declare that I have changed my name from DIPTI PRAKASH RANINGA (Old) to DIPTIBEN PRAKASHBHAI RANINGA (New). And henceforth I shall be known as DIPTIBEN PRAKASHBHAI RANINGA (New)
Address :- Near Bageshvar Mandir, Bagasara, District-Amreli (365440)




**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

-: જાહેર નોટીસ :-

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૦૯/૨૦૨૬

અરજદારશ્રીઃ- શ્રી દિલીપકુમાર રતિલાલ ડુંમર,
રે. વાવડી રોડ, તા.વડીયા, જી.અમરેલી
મો.૯૯૭૯૩ ૧૧૦૦૫

વિરૂધ્ધ

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વાવડી રોડ, તા.વડીયા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી દિલીપકુમાર રતિલાલ ડુંમરએ તેમના માતુશ્રી સવિતાબેન રતિલાલ ડુંમરનું અવસાન તા.૧૭/૦૩/૨૦૨૧ ના રોજ મુ.વાવડી રોડ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

-: જાહેર નોટીસ :-

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૧૨/૨૦૨૬

અરજદારશ્રીઃ- શ્રી મંગાભાઈ વિરાભાઈ ચૌહાણ,
રે. તાલાળી, તા.વડીયા, જી.અમરેલી
મો.૯૯૭૯૩ ૧૧૦૦૫

વિરૂધ્ધ

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી તાલાળી, તા.વડીયા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મંગાભાઈ વિરાભાઈ ચૌહાણએ તેમના ભત્રીજા તેજાભાઈ જેઠાભાઈ ચૌહાણનો જન્મ તા.૨૮/૦૪/૧૯૬૨ ના રોજ મુ.તાલાળી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

**//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી. નં.૨૮/૨૦૨૬

અરજદાર :- શ્રી ખેરાણી ગુલમમદ જુસબભાઈ
રહે.બટારવાડી, ગાયત્રી સોસાયટી,
અમરેલી, તા./જી.-અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા. જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં ખેરાણી ગુલમમદ જુસબભાઈ તેમના ભાઈશ્રી દાઉદભાઈ જુસબભાઈ ખેરાણીની જન્મ (તા.૦૧/૦૧/૧૯૭૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
(કે.કે.દવે)
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

# બાઢડામાં પરિણીતાને ભગાડી જનાર યુવકની હત્યા

અમરેલી,તા.૦૧

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામમાં એક હૃદયદ્રાવક અને સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં એક યુવકનો પ્રેમસંબંધ તેના મૃત્યુનું કારણ બન્યો છે. સુરતમાં કડિયાકામ કરી પોતાનું ગુજરાન ચલાવતો ૨૬ વર્ષીય નિલેશ રમેશભાઈ ચુડાસમા આહીર સમાજની એક પરિણીત મહિલા સાથે પ્રેમસંબંધમાં હતો અને તેને લઈને ભાગી ગયો હતો. આ બાબતની અદાવત રાખીને આયોજનબધ્ધ રીતે નિલેશની હત્યા કરવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે. આ સમગ્ર મામલામાં સૌથી ચોંકાવનારી કડી સોશિયલ મીડિયાની ભૂમિકા છે. ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના કરલા ગામના જાણીતા યુટ્યુબર તરુણ બાંભણીયા ઉર્ફે તરુણ આહીરે કાયદો હાથમાં લઈને નિલેશને અમદાવાદથી શોધી કાઢ્યો હતો અને તેને શારીરિક તેમજ માનસિક યાતના આપી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે યુટ્યુબરે નિલેશ પાસે બળજબરીથી માફી મંગાવતો એક વીડિયો શૂટ કર્યો હતો, જેમાં નિલેશ લાચાર અવસ્થામાં હાથ જોડીને માફી માંગી રહ્યો હતો. વીડિયોમાં તરુણ આહીર ખુલ્લેઆમ ધમકી આપતો સંભળાય છે કે સમાજની દીકરીને ભગાડનારને છોડવામાં આવશે નહીં. આટલેથી ન અટકતા, આરોપીઓએ મૃતકના પરિવારજનો પર પણ દબાણ લાવીને અન્ય વીડિયો બનાવડાવ્યા હતા. આ ઘટનાના થોડા જ સમય બાદ બાઢડા ગામની વિરાણી હાઈસ્કૂલ પાછળના વેરાન વિસ્તારમાંથી નિલેશની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. મૃતકના ભાઈ વિરલભાઈના જણાવ્યા અનુસાર, આરોપીઓએ નિલેશને કોઈ અજ્ઞાત સ્થળે લઈ જઈને જીવલેણ માર માર્યો હતો અને પુરાવા નાશ કરવાના હેતુથી લાશને ફેંકી દીધી હતી. હાલમાં સાવરકુંડલા રૂરલ પોલીસે યુટ્યુબર તરુણ બાંભણીયા, વિજય ઉર્ફે રાકેશ નકુમ અને અમિત હડિયા વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. DYSP વિરલ ચંદનના માર્ગદર્શન હેઠળ પોલીસ આ કેસમાં અન્ય શંકાસ્પદ લોકોની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે. મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું છે જેથી મૃત્યુના સચોટ કારણો જાણી શકાય. આ કિસ્સાએ સાબિત કર્યું છે કે સોશિયલ મીડિયા પર લોકપ્રિયતા મેળવવા અથવા ન્યાયના નામે કાયદો હાથમાં લેવાની વૃત્તિ ગંભીર ગુનાખોરી તરફ દોરી જાય છે. એક યુવાનનો જીવ લેનારી આ ઘટનાએ સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાવી દીધી છે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.





## ગણતરીના કલાકોમાં બે આરોપી ઝડપાયા, બેની શોધખોળ ચાલુ


બાઢડા ગામના નિલેષ રમેશભાઇ ચુડાસમા નામના યુવકને એક પરિણીત મહિલા સાથે પ્રેમ સંબંધ હોવાથી, તે તેને સુરતથી ભગાડી ગયો હતો. આ બાબતની અદાવત રાખીને વિજય ઉર્ફે રાકેશ નકુમ, તરૂણ બાંભણીયા અને અમીત હડીયા નામના શખ્સોએ નિલેષને હથિયારો વડે જીવલેણ માર માર્યો હતો. ગંભીર ઇજાઓને કારણે નિલેષનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારબાદ આરોપીઓ લાશને વિરાણી હાઇસ્કુલ પાછળ ફેંકીને નાસી ગયા હતા. આ બનાવ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇ અમરેલી પોલીસ અધિક્ષક અને ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. એલ.સી.બી. ઇન્સ્પેક્ટર સી.પી. વાઘેલાની ટીમ દ્વારા ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપીઓ વિજય નકુમ અને અમીત હડીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. હજુ પણ આ કેસમાં અન્ય બે આરોપીઓ તરૂણ બાંભણીયા અને બિપીન કલસરીયાની શોધખોળ ચાલુ છે.



**યુવકનો માફી માંગતો વીડિયો વાયરલ, યુટ્યુબર સહિત ચાર લોકો સામે ગૂનો નોંધાયો**

# સાવરકુંડલામાં ટીટોડીએ જમીન પર ઈંડા મુકતા ઓછા વરસાદનો વરતારો

સાવરકુંડલા, તા.૦૧



ગુજરાતી લોકજીવનમાં કુદરતી સંકેતો દ્વારા વરસાદની આગાહી કરવાની વર્ષો જૂની પરંપરા છે. તાજેતરમાં સાવરકુંડલાના જનતા બાગમાં એક ટીટોડીએ જમીન પર ઈંડા મૂક્યા હોવાની ઘટના ચર્ચાનું કેન્દ્ર બની છે. સામાન્ય લોકવાયકા મુજબ ટીટોડી જો ઊંચા સ્થાને ઈંડા મૂકે તો વરસાદ પુષ્કળ થાય છે, પરંતુ જો તે જમીનના લેવલ પર ઈંડા મૂકે તો વરસાદ ઓછો પડવાની શક્યતા રહેલી હોય છે. એવું મનાય છે કે કુદરત પક્ષીઓને પૂરના પાણી સામે રક્ષણ આપવા અગાઉથી જ નિર્દેશ આપે છે અને ટીટોડીના ઈંડા ક્યારેય પાણીમાં તણાતા નથી. આ વખતે સાવરકુંડલામાં ટીટોડીએ જમીન પર ઈંડા મૂક્યા હોવાથી સ્થાનિક ખેડૂતો અને જ્યોતિષીઓ વરસાદ ઓછો રહેવાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે.

# રાજ્ય કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં કોલડા પ્રા. શાળાની કૃતિ પ્રથમ નંબરે

**નેશનલ કક્ષાએ પણ આ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજ્યનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી**

કુંકાવાવ,તા.૦૧



આણંદ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૬માં શ્રી કોલડા પ્રાથમિક શાળાની કૃતિએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળા અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સફળતા સાથે આ કૃતિ હવે નેશનલ કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે.શાળાના બાળ વૈજ્ઞાનિકો માંજરીયા રુદ્રરાજ અને મકવાણા પ્રિન્સ દ્વારા તૈયાર કરાયેલ આ કૃતિ પાછળ ગણિત-વિજ્ઞાન શિક્ષક વિજયભાઈ પાનશેરિયાનું માર્ગદર્શન અને વિજ્ઞાન સલાહકાર રાજુભાઈ મહેતાનો સિંહફાળો રહ્યો છે. આચાર્ય હસમુખભાઈ જુલાસણાના નેતૃત્વમાં શાળાના તમામ શિક્ષકો અને વાલીઓના સહયોગથી આ સિધ્ધિ હાંસલ થઈ છે. આ ભવ્ય સફળતા બદલ સમગ્ર ગામમાં આનંદનો માહોલ છે. નેશનલ કક્ષાએ પણ આ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજ્યનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# બગસરા ખાતે તા. ૮ના રોજ વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરાયું

**કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ આધારકાર્ડની નકલ સાથે રાખવી**

બગસરા,તા.૦૧

જેસીઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે આગામી તારીખ ૮-૫-૨૬, શુક્રવારના રોજ એક વિશેષ નેત્રનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સહયોગથી આ ૬૪૨મો કેમ્પ સંપન્ન થશે, જેમાં મોતિયાના દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપવામાં આવશે. ઓપરેશન માટે જતા તમામ દર્દીઓ માટે જમવાની સુંદર વ્યવસ્થા મુંબઈ સ્થિત કાયમી દાતા સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર દ્વારા કરવામાં આવી છે. પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદી મુજબ, કેમ્પનો લાભ લેવા ઈચ્છતા તમામ દર્દીઓએ આધારકાર્ડની નકલ સાથે રાખી શુક્રવારે સવારે ૯ કલાકે હોસ્પિટલ ખાતે ખાસ હાજર રહેવું.


સંકુલ કોલેજ ગર્લ્સને અભ્યાસમાં આગળ વધવા પેરેન્ટ્સની સમંતિથી ફોન રાખવાની છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad029

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

સ્પે. વેકેશન બેચ સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર ▪ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

राष्ट्रीय मुक्त विद्यालयी शिक्षा संस्थान National Institute of Open Schooling
100 % પાસ માન્ય સંસ્થા
LAKSHYA
ધો.10 અને 12 નાપાસ વિદ્યાર્થી ને પાસ થવા એક તક
NIOS બોર્ડ માં પરિક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો અને
10 ને 12 પાસ કરી SI,ANM, GNM, BSC અને D PHARMA માં એડમિશન મેળવો
એડમિશન માટે
LAKSHYA EDUCATION 7043819956
બીજો માળ ટાઉન હોલ શોપિંગ સેન્ટર ભીડભંજન મંદિર સામે અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# અમરેલી RTO કચેરીમાં ગેરકાયદે પ્રવેશી વીડિયો બનાવી વાયરલ કરવાની ધમકી આપતા ફરિયાદ

અમરેલી, તા.૦૧

અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશી, સરકારી કામકાજમાં વિક્ષેપ પાડી કર્મચારીઓને ધમકાવનારા બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આરોપીઓએ કચેરીની અંદર વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી હોવાનું સામે આવ્યું હતું. આ અંગે ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભાવેશકુમાર સાદુળભાઈ કળસરીયા (ઉ.વ.૩૫) એ નરેશભાઈ વાળા તથા નવાબહુસેન હુસેનમીયા સૈયદ (ગીર ન્યુઝ અમરેલીના રિપોર્ટર) સામે ફરિયાદ નોંધાવી હતી.

મળતી વિગતો અનુસાર, અમરેલી RTO કચેરીમાં આરોપીઓએ સંગઠિત થઈને અનધિકૃત રીતે પ્રવેશ કર્યો હતો. કચેરીની અંદર પરવાનગી વગર વીડિયો શૂટિંગ કરી, ફરજ પરના કર્મચારીઓ અને તેમને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ હંગામાને કારણે કચેરીના સરકારી કામકાજમાં વિલંબ થયો હતો અને કર્મચારીઓની ફરજમાં રુકાવટ ઊભી કરવામાં આવી હતી. નરેશભાઈ વાળી દ્વારા તેને ધમકી આપવામાં આવી હતી કે જો તેઓ વચ્ચે આવશે તો તેમની વિરુધ્ધ ખોટી ફરિયાદ કરવામાં આવશે. આ ઉપરાંત, ઉતારેલા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી જનતામાં બદનામ કરવાની પણ ધમકી આપવામાં આવી હતી. આટલેથી ન અટકતાં બંને જણાએ વીડિયો વાયરલ પણ કર્યો હતો.

# સરકારી પોલિટેકનિક અમરેલી ખાતે પર્યાવરણ જાળવણીનો કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૧



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષના ઉપલક્ષમાં નિર્ધારિત 'પંચ પરિવર્તન'ના આયામોમાંથી પ્રેરણા મેળવીને તાજેતરમાં ડો. જીવરાજ એન. મહેતા સરકારી પોલિટેકનિક, અમરેલી ખાતે પર્યાવરણ જાળવણીનો સુંદર કાર્યક્રમ સંપન્ન થયો હતો. સંસ્થાના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગના સેમેસ્ટર ૬ ના વિદ્યાર્થીઓએ તા. ૨૯.૦૪.૨૫ ના રોજ આ અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને રોજબરોજના વ્યવહારમાં પ્લાસ્ટિકના સ્થાને કાપડની થેલીનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને પ્રત્યેક વિદ્યાર્થીને કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. પર્યાવરણને નુકસાનકર્તા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ત્યાગ કરવા માટે તમામ ઉપસ્થિતોએ સામૂહિક શપથ લીધા હતા.

# ચિતલ ગામે શેડુભાર જવાના કાચા રસ્તેથી ૬ જુગારી રોકડ સાથે ઝડપાયા

અમરેલી, તા.૦૧

અમરેલીના ચિતલ ગામે શેડુભાર જવાના કાચા રસ્તેથી ૬ જુગારી રૂ.૨,૭૩,૯૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. શબ્બીરભાઈ હુસેનભાઈ બેલીમ, સુરેશભાઈ ધીરૂભાઈ લીંબાસીયા, કિરીટભાઈ છગનભાઈ જેઠવા, રાજેન્દ્રભાઈ રમેશભાઈ મકવાણા, ભુપતસિંહ પ્રતાપસિંહ સરવૈયા તથા સુલેમાનભાઈ અબ્દુલાભાઈ બાવનકા ચિતલ ગામે શેડુભાર જવાના કાચા રસ્તે રાજુભાઈ આંબાભાઈ પાથરની વાડી પાસે જાહેરમાં લાઈટના અંજવાળે પૈસા-પાના વડે હાર-જીતનો તીન-પત્તીનો જુગાર રમતાં રોકડા રૂ.૨૭,૯૫૦, મોબાઈલ ફોન નંગ-૪, મોટર સાયકલ - ૦૫ સહિત કુલ રૂ.૨,૭૩,૯૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે કે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# 'આ જમીન અમારી છે, તારે અહીં ખાતર પાથરવાનું નથી' કહી કુહાડી વડે હુમલો કરી જાનથી મારવાની ધમકી આપી

**બગસરાના ગોકળપરાની સીમમાં બનેલી ઘટના**

બગસરા,તા.૦૧

બગસરા તાલુકાના ગોકળપરાની સીમમાં આવેલી સિયારામ ગૌશાળા પાસે જમીન બાબતે ચાલી રહેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. પોતાની વાડીમાં ખાતર પાથરી રહેલા એક ખેડૂત પર ચાર શખ્સોએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.આ અંગે જગદીશભાઈ મનજીભાઈ લુણાગરીયાએ રમેશભાઈ વલ્લભભાઈ બોરડ, દીપભાઈ કિશોરભાઈ બોરડ, રાજુભાઈ બાબુભાઈ બોરડ તથા ચંદુભાઈ બાબુભાઈ બોરડ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ જ્યારે સિયારામ ગૌશાળા પાસે આવેલી પોતાની વાડીમાં ખાતર પાથરવાનું કામ કરી રહ્યા હતા, ત્યારે આરોપીઓ ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ તેમને અટકાવતા કહ્યું કે, 'આ જમીન અમારી છે, તારે અહીં ખાતર પાથરવાનું નથી.' જ્યારે ફરિયાદીએ આ જમીન પોતાની માલિકીની હોવાનું જણાવ્યું, ત્યારે ચારેય આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમની પર આડેધડ હુમલો કર્યો હતો. જેમાં તેમને માથાના ભાગે કુહાડીના પાછળના ભાગનો ઘા ઝીંક્યો હતો, ઉપરાંત શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલા દરમિયાન આરોપીઓએ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી. ડી. કલસરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના જરખીયા ગામે પરિણીતાએ પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાધો

લાઠી, તા.૦૧

લાઠી તાલુકાના જરખીયા ગામે એક કરૂણ ઘટના સામે આવી હતી. અહીં એક પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. સાગરભાઈ ગોકુળભાઈ આલગોતર (ઉ.વ.૨૫) એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની કિરણબેન સાગરભાઈ આલગોતર (ઉ.વ.૨૨) એ ઘરના રૂમમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિણીતાએ કયા સંજોગોમાં અને કયા કારણોસર આ અંતિમ ડગલું ભર્યું છે તે હજુ સુધી જાણી શકાયું નથી. પરિણીતાના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# સા.કુંડલાની કોલેજમાં એનસીસીના ઉચ્ચ અધિકારીઓનું આગમન

સાવરકુંડલા,તા.૦૧



નૂતન કેળવણી મંડળ સંચાલિત વી. ડી. આર્ટસ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે એનસીસી યુનિટની શુભેચ્છા મુલાકાતે ભારતીય સેનાના ઉચ્ચ અધિકારીઓ પધારતા સમગ્ર કેમ્પસમાં દેશભક્તિ અને શિસ્તનો અનોખો માહોલ સર્જાયો હતો. ભાવનગરની ૬ઠ્ઠી બટાલિયન સાથે સંલગ્ન આ યુનિટના કેડેટ્સને પ્રોત્સાહિત કરવા માટે ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર સૂશીન બિશ્વાસ અને કમાન્ડિંગ ઓફિસર આશુતોષ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ કેડેટ્સ સાથે સંવાદ સાધીને સંરક્ષણ દળોમાં કારકિર્દી બનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ધારીના સરસીયા ગામે આર્થિક તંગીથી કંટાળી પ્રૌઢે કુવામાં ઝંપલાવ્યું

ધારી, તા.૦૧

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના સરસીયા ગામે એક કરુણ ઘટના સામે આવી હતી. ગામમાં રહેતા એક પ્રૌઢે નબળી આર્થિક સ્થિતિને કારણે સતત રહેતા માનસિક તણાવમાં આવી જઈ કુવામાં પડીને આપઘાત કરી લેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. જેહુરભાઈ ઘુસાભાઈ વાળા (ઉ.વ.૭૦) એ જાહેર કર્યા મુજબ, રાવતભાઈ ઘુસાભાઈ વાળા (ઉ.વ.૬૨) લાંબા સમયથી આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા હતા. આ માનસિક બોજ સહન ન થતા આખરે તેમણે અંતિમ પગલું ભરવાનું નક્કી કર્યું હતું. તેઓએ ગામની સીમમાં આવેલા એક કુવામાં ઝંપલાવ્યું હતું. આ ઘટનાએ ફરી એકવાર ગ્રામ્ય વિસ્તારોમાં આર્થિક તંગીના કારણે સર્જાતા માનસિક તણાવના પ્રશ્નોને સપાટી પર લાવ્યા છે. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન બી માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયામાં ગુમ થયેલ મોપેડ પોલીસે શોધીને મૂળ માલિકને પરત કર્યું

લીલીયા, તા. ૦૧



લીલીયા મોટાના રહેવાસી વિભાભાઈ પડસારીયાએ પોતાની TVS જ્યુપીટર મોપેડ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ લીલીયા મોટા, લાઠી રોડ ઉપર પાર્ક કરેલ અને ત્યાંથી ગુમ થવા અંગે લીલીયા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

પોલીસ ઈન્સ એમ. ડી.સાળુંકેની રાહબરી હેઠળ ટીમે વાહનના રજી નં-GJ-૧૪-BF-૨૫૧૪ મેળવી ટેકનીકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મોપેડને શોધીને મૂળ માલીકને પરત કરી હતી, તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પડવો
તા.૦૨-૦૫-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૦૯,
સૂર્યાસ્ત-૦૭:૩૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૦૨-૦૫-૨૦૨૬ શનિવાર

મેષ: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે.

વૃષભ: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મિથુન: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

કર્ક: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

સિંહ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

કન્યા: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે.

તુલા:આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે.

વૃશ્ચિક: સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે.

ધન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. નમ્રતા-વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃધ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

# અમરેલીમાં નશાખોર શખ્સે સોસાયટીના રહીશને જાનથી મારી નાખવાની આપી ધમકી

**મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૦૧

અમરેલી શહેરમાં એક નશાખોર શખ્સે સોસાયટીના રહીશ પર ગાડી ચડાવી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ શખ્સના અવારનવારના ત્રાસથી સોસાયટીના રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ બનાવ અંગે કૈલાસબેન મનસુખભાઈ વામજા (ઉંમર વર્ષ ૫૦) એ જીતુભાઈ ભુપતભાઈ વામજા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, અમરેલીમાં રહેતો જીતુભાઈ નામનો શખ્સ અવારનવાર નશાની હાલતમાં સોસાયટીમાં આવી જેમ ફાવે તેમ ગાળો બોલી આતંક મચાવતો હતો. આ શખ્સના સતત ત્રાસથી કંટાળીને સોસાયટીના રહીશોએ અગાઉ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં તેની વિરુધ્ધ અરજી અને ફરિયાદ પણ કરી હતી. સોસાયટીના રહીશોએ કરેલી આ ફરિયાદનું મનદુઃખ રાખીને આરોપી ફરીથી નશાની હાલતમાં આવ્યો હતો. તેણે ફરિયાદીને આંતરીને જાહેરમાં બિભત્સ ગાળો આપી હતી. ઉશ્કેરાયેલા આરોપીએ પોતાની વાન તેમના પર ચડાવી દઈ તેમને કચડી નાખવાનો અને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ તે જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો. હાલ અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ દિનેશભાઈ વીનુભાઈ સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં નાવલી પોલીસ ચોકી પાસેથી દારૂની બોટલ, બિયરના ટીન પકડાયા

**પોલીસે કુલ રૂ. ૨૯,૧૦૭નો મુદ્દામાલ જપ્ત કર્યો**

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલામાં નાવલી પોલીસ ચોકી પાસેથી દારૂની બોટલ, બિયરના ટીન પકડાયા હતા. ભાવેશભાઈ ઉર્ફે પગી વિનુભાઈ ઉનાવા (ઉ.વ.૩૯) બાઈક લઈને પસાર થતા હતા ત્યારે અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બે બોટલ તથા બિયરના ૫ ટીન મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૨૯,૧૦૭નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નારાયણ નગર ગામે ચામુંડાનગર વિસ્તારમાંથી એક મહિલાના રહેણાંક મકાનેથી ૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૭ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# RTO ચલણની લિંક મોકલી અમરેલીના યુવકનો ફોન હેક કરી બેંક ખાતામાંથી રૂ.૧.૦૭ લાખ ઉપાડી લીધા

અમરેલી, તા.૦૧

સાયબર ગઠિયાઓ હવે નવી નવી તરકીબો અપનાવીને લોકોના બેંક ખાતા સાફ કરી રહ્યા છે. અમરેલીના માણેકપરા વિસ્તારમાં રહેતા એક યુવક સાથે RTO ચલણના નામે છેતરપિંડી આચરી તેના ખાતામાંથી રૂ. ૧,૦૭,૦૦૦ ની ઓનલાઈન લૂંટ ચલાવવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. આ અંગે કમલેશભાઈ હરેશભાઈ વ્યાસ (ઉ.વ.૪૯)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ મોબાઈલ પર RTO ચલણ ની એક નકલી APK ફાઈલ મોકલી હતી. ફરિયાદીએ આ ફાઈલ ઓપન કરતા જ આરોપીએ તેની ખોટી ઓળખ આપી ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કરી લીધો હતો. ફોન હેક કર્યા બાદ આરોપીએ ફરિયાદીના બેંક એકાઉન્ટનો એક્સેસ મેળવી લીધો હતો. ત્યારબાદ અલગ-અલગ ચાર ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂ. ૧,૦૭,૦૦૦ ની રકમ જુદા જુદા UPI આઈડી મારફતે અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધી હતી. પોતાની સાથે ઓનલાઈન ઠગાઈ થઈ હોવાનું જણાતા યુવકે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે અજાણ્યા સાયબર ઠગ વિરુદ્ધ છેતરપિંડી અને આઈટી એક્ટ મુજબ ગુનો નોંધી, જે બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર થયા છે તેની વિગતોના આધારે તપાસ શરૂ કરી હતી.

# લાઠીના જાનબાઈ દેરડીમાં પ્રેમ પ્રકરણની અદાવતમાં દીકરો યુવતીને ભગાડી જતાં પિતા અને દાદા પર લાકડીઓથી હુમલો

લાઠી, તા.૦૧

લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે પ્રેમ પ્રકરણમાં લોહી ઉકળી ઉઠવાની ઘટના સામે આવી હતી. ગામની જ યુવતીને ભગાડી જવાના મામલે ઉશ્કેરાયેલા પક્ષે યુવકના પિતા અને વૃધ્ધ દાદા પર વાડીમાં ઘૂસીને લાકડીઓ વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે પ્રવિણભાઈ મગનભાઈ સોલંકી (ઉ.વ.૫૦) એ મહેશભાઈ શંભુભાઈ સોલંકી, નીલેશભાઈ જીવરાજભાઈ સોલંકી, સાગરભાઈ મધુભાઈ સોલંકી તથા લક્ષ્મણભાઈ મધુભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના નાના દીકરા જયને ગામના જ વિનુભાઈ મનજીભાઈ સોલંકીની દીકરી સાથે પ્રેમ સંબંધ હતો. ગત તા. ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ જય આ યુવતીને ભગાડીને લઈ ગયો હતો. આ બાબત વિનુભાઈ અને તેમના પરિવારને ગમ્યું ન હોય, તેઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. આરોપીઓએ તેમને અને તેમના પિતા મગનભાઈ પર લાકડીઓ તેમજ વડલાની ડાળીઓ વડે હુમલો કર્યો હતો. બંનેને શરીરે મુંઢ માર મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘટનાને અંજામ આપી આરોપીઓ નાસી છૂટ્યા હતા.

**તંત્રી લેખ**

## વિશ્વયુધ્ધ કરતા પણ ભયંકર છે સાયબર વોર

આજે મધ્ય પૂર્વના દેશોમાં યુધ્ધનું વાતાવરણ છે ત્યારે માનવામાં આવે છે કે વિશ્વયુધ્ધ થશે તો ભયંકર તબાહી થશે પરંતુ તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા અહેવાનલો બતાવે છે કે જો સાયબર યુધ્ધ થશે તો તે વિશ્વ યુધ્ધ કરતા પણ ભયંકર હશે. આજના ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માનવજાત માટે બેધારી તલવાર સાબિત થઈ રહી છે. તાજેતરમાં એન્થ્રોપિક કંપનીના 'માઈથોસ' મોડલ અંગે થયેલા ખુલાસાએ વૈશ્વિક સુરક્ષા એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે. જોકે આ મોડલ હજુ સત્તાવાર રીતે રિલીઝ થયું નથી, પરંતુ તેના લીક થવાની આશંકાએ ભવિષ્યના 'સાયબર યુધ્ધ'ની એક અત્યંત ભયાનક તસવીર રજૂ કરી છે. બ્રિટનની એઆઈ સિક્યુરિટી ઈન્સ્ટિટ્યૂટે આ બાબતે ગંભીર ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું છે કે 'માઈથોસ' કોઈપણ આઈટી સિસ્ટમની આંતરિક ખામીઓ આપમેળે શોધી શકે છે અને તેમાં ઘૂસણખોરી કરીને સમગ્ર સિસ્ટમને પોતાની મરજી મુજબ બદલવાની સ્વાયત્ત ક્ષમતા ધરાવે છે. આ ક્ષમતા એટલી હદે જોખમી છે કે તે પલકવારમાં સમગ્ર વિશ્વના ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પડકારી શકે છે. હવે પ્રશ્ન થાય કે શું AI માણસ જેવું વિચારે છે? તેનો જવાબ છે ના, બિલકુલ નહીં. છેંને પોતાની ચેતના, લાગણી કે સાચી સમજ નથી હોતી. તે માત્ર આંકડા અને દાખલા પર કામ કરે છે. જેમ કેલ્ક્યુલેટર બે વત્તા બે બરાબર ચાર કાઢે છે, તેમ AI પણ ગણતરી કરે છે, પણ ખૂબ ઝડપથી અને જટિલ રીતે. ધ્યાનમાં રાખવા જેવી મહ્ત્વની વાત એ છે કે છેં બુધ્ધિશાળી લાગે છે, પણ તે માત્ર એક સાધન છે. તે કોઈ પણ કામ વધુ સરળ બનાવે છે, પરંતુ ક્યારેય માણસની જગ્યા લઈ શકતું નથી. તે રસોઈ બનાવી શકતું નથી, કલા સાચા અર્થમાં અનુભવી શકતું નથી, કે કોઈને સાચું દિલાસો આપી શકતું નથી. એક લીટીમાં સારાંશ તો એ છે કે AI એક હોશિયાર કોમ્પ્યુટર પ્રોગ્રામ છે જે ઉદાહરણો પરથી શીખે છે અને તમારા રોજિંદા કામો, જેમ કે માર્ગદર્શનથી લઈને વીડિયો સૂચન સુધી, સરળ બનાવે છે. AIનો અર્થ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, જે એક કોમ્પ્યુટર ટેકનિક છે. આ ટેકનિક મશીનને પોતાની મેળે ઉદાહરણો પરથી શીખવાની અને નિર્ણય લેવાની ક્ષમતા આપે છે. ઉદાહરણથી સમજો તો કલ્પના કરો કે તમે એક નાના બાળકને સમજાવો છો કે રૂવાંટીવાળું અને મ્યાઉં કરે તે બિલાડી અને ભસે તે કૂતરો. જો તમે એકસાથે દસ હજાર ફોટા બતાવો, તો બાળક થાકી જાય, પણ AI સેકન્ડોમાં લાખો ફોટા જોઈને બિલાડી અને કૂતરા વુચ્ચેનો તફાવત પોતાની મેળે શીખી જાય છે. રોજિંદા જીવનમાં AIના ઘણા ઉદાહરણો જોવા મળે છે. જેમ કે Google Maps ટ્રાફિક જોઈને સૌથી ટૂંકો રસ્તો બતાવે છે. YouTube fu Netflix તમે અત્યાર સુધી શું જોયું તે પરથી નવા વીડિયો સૂચવે છે. ChatGPT જેવો સહાયક તમારા પ્રશ્નોના જવાબ લખે છે. સ્પામ ફિલ્ટર બિનજરૂરી ઈમેલ આપોઆપ છુપાવી દે છે. સિરી કે એલેક્સા જેવા વૉઈસ આસિસ્ટન્ટ તમારી વાત સાંભળીને કામ કરે છે. એક લીટીમાં સારાંશ તો એ છે કે છેં એક હોશિયાર કોમ્પ્યુટર પ્રોગ્રામ છે જે ઉદાહરણો પરથી શીખે છે અને તમારા રોજિંદા કામો, જેમ કે માર્ગદર્શનથી લઈને વીડિયો સૂચન સુધી, સરળ બનાવે છે. ભારત માટુ આ પડકાર વિશેષ રૂપે ચિંતાજનક છે કારણ કે આપણે વિશ્વના સૌથી મોટા એઆઈ યુઝર્સમાં સામેલ છીએ. આપણા દેશમાં ડિજિટલ પેમેન્ટથી લઈને હેલ્થકેર અને સંરક્ષણથી લઈને શિક્ષણ સુધીના તમામ પાયાના ક્ષેત્રો હવે એઆઈ પર નિર્ભર બની રહ્યા છે. આવી સ્થિતિમાં જો કોઈ દૂષિત એઆઈ મોડલ આપણી સંવેદનશીલ ડિજિટલ પ્રણાલી પર આક્રમણ કરે, તો તેના પરિણામો રાષ્ટ્રીય સુરક્ષા માટે વિનાશક સાબિત થઈ શકે છે.

# વિકસિત રાષ્ટ્રનું શિખર એટલે ગુજરાત


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



ગુજરાતની આ ગાથાનો પાયો કોઈ સુખદ સંજોગોમાં નહીં, પરંતુ ઘોર સંઘર્ષ અને રક્તપાતમાં રચાયો હતો. ઓગસ્ટ, ૧૯૫૬નો સમય હતો, જ્યારે અમદાવાદના ધરતીકંપે મહાગુજરાત આંદોલનનું સ્વરૂપ લીધું. લોકો એક અલગ ગુજરાતી ભાષાકીય રાજ્યની માંગને લઈને શેરીઓમાં ઉતરી આવ્યા હતા. તે ઐતિહાસિક સંઘર્ષ દરમિયાન પોલીસ ગોળીબારમાં ઘણા નિર્દોષ લોકોએ પોતાના પ્રાણની આહુતિ આપી. તેમનાં બલિદાનો વ્યર્થ ન ગયાં. લગભગ ચાર વર્ષના અવિરત પ્રયત્નો, લોહી અને આંસુ બાદ, પહેલી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત ભારતના નકશા પર એક સ્વાયત્ત, સ્વતંત્ર રાજ્ય તરીકે ઉભરી આવ્યું. આમ, જે ભૂમિ આજે વિકાસનું શિખર છે, તે સંતાનોના બલિદાનના પવિત્ર પાયા પર વસેલી છે. છેલ્લા ૬૫ વર્ષોની સફરમાં, આ રાજ્યએ દરેક ક્ષેત્રમાં અપ્રતિમ પ્રગતિ કરીને એ સાબિત કર્યું છે કે બલિદાનની ભૂમિ ક્યારેય વ્યર્થ જતી નથી. ગુજરાતની ઓળખ ખરેખર તો તેના ઉદ્યોગસાહસિક સ્વભાવમાંથી જન્મે છે. અહીંની માટીમાં ધંધાકીય કુશળતા અને નવીન વિચારો અપનાવવાની અપ્રતિમ ક્ષમતા વિરાજમાન છે. વૈશ્વિક સ્તરે ચમકતી અને આપણા દૈનિક જીવનનો અભિન્ન ભાગ બની ચૂકેલી અસંખ્ય બ્રાન્ડ્સ ગુજરાતની આ સાહસિકતાનું પરિણામ છે. સહકારી ક્ષેત્રની અનોખી સફળતાનું ઉદાહરણ બનેલું અમૂલ, જેણે દેશમાં દૂધની સફેદ ક્રાંતિ લાવી, તે ગુજરાતની જ ભૂમિ પર ખીલ્યું. બાળકોના મોંમાં પાણી લાવી દેતી વેફર્સની બ્રાન્ડ હોય, ગરમીમાં રાહત આપતું આઈસ્ક્રીમ હોય, કે પછી ઘરેઘરમાં ઉપયોગમાં લેવાતા પીણાં અને વાનગીઓ – આ પાછળ ગુજરાતી ઉદ્યોગસાહસિકોની દૂરંદેશી અને ઉદ્યમીતા છે. આ અભિગમ જ ગુજરાતને અન્ય રાજ્યોથી અલગ પાડે છે. અહીંના લોકો માત્ર વ્યવસાય જ નહીં, પરંતુ સતત કંઈક નવું સર્જવાની તરસ ધરાવે છે, અને આ તરસે જ રાજ્યને ભારતનું વ્યાપારી પાટનગર બનાવી દીધું છે. જ્યારે ઔદ્યોગિક વિકાસની વાત થાય છે, ત્યારે ગુજરાત સતત આગળ પડતું રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે 'વાઈબ્રન્ટ ગુજરાત' નામની અનોખી પહેલ શરૂ કરી. આ એક એવું વૈશ્વિક રોકાણ સંમેલન હતું, જેણે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં રોકાણકારોનો વિશ્વાસ જીતવાનું એક મોડેલ સ્થાપ્યું. ધીમે ધીમે વાઈબ્રન્ટ ગુજરાતની સફળતા એટલી છવાઈ ગઈ કે દેશના અન્ય રાજ્યોએ પણ આ મોડેલને અપનાવવાનું શરૂ કર્યું. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા સેમિકન્ડક્ટર ચિપ ઉત્પાદનથી લઈને હરિયાળી ઉર્જા, એન્જિનિયરિંગથી લઈને ટેક્સટાઈલ સુધીના વિવિધ ક્ષેત્રોમાં વૈશ્વિક કંપનીઓએ ગુજરાતમાં મોટા પ્રમાણમાં રોકાણ કર્યું. આ રોકાણોએ લાખો યુવાનોને રોજગારી આપી અને રાજ્યના ઔદ્યોગિક નકશાને નવી દિશા આપી. ગુજરાતની સફળતામાં શિક્ષણ ક્ષેત્રનું યોગદાન પણ અતૂટ છે. આજે ગુજરાત શૈક્ષણિક દષ્ટિએ દેશની અગ્રણી સંસ્થાઓનું ઘર છે. અમદાવાદ સ્થિત ભારતીય વ્યવસ્થાપન સંસ્થાનો ઉલ્લેખ કર્યા વિના ઉચ્ચ શિક્ષણની વાત અધૂરી રહેશે. IIM અમદાવાદ વિશ્વભરની ટોચની મેનેજમેન્ટ સંસ્થાઓમાં ગણાય છે. એટલું જ નહીં, IIT ગાંધીનગર જેવી ટેક્નિકલ સંસ્થાએ પણ દેશ-વિદેશમાં પોતાની ઓળખ બનાવી છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી જેવી વિશિષ્ટ સંસ્થાઓ રાજ્યને શૈક્ષણિક રાજધાની બનાવે છે. એ ઉપરાંત, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ જેવી જૂની અને પ્રતિષ્ઠિત સંસ્થાઓએ અનેક પેઢીઓના એન્જિનિયરો તૈયાર કર્યા છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) તો ડિઝાઈન ક્ષેત્રની વૈશ્વિક સ્તરે પ્રખ્યાત સંસ્થા છે. આ સંસ્થાઓ દેશભરના જ નહીં, પરંતુ વિશ્વભરના વિદ્યાર્થીઓને પોતાની તરફ આકર્ષે છે, જે ગુજરાતના શૈક્ષણિક ગૌરવને દર્શાવે છે. ગુજરાતની સૌથી મોટી ખૂબી એ છે કે તેણે વિકાસ અને ઝડપી ઔદ્યોગિકરણ સાથે પોતાની સાંસ્કૃતિક ધારોહરને ક્યારેય નબળી પડવા દીધી નથી. ગુજરાતમાં સંસ્કૃતિ અને નવીનતાનો અદ્ભુત સંગમ જોવા મળે છે. એક તરફ સોમનાથ અને દ્વારકા જેવા પ્રાચીન ધાર્મિક યાત્રાધામો શ્રધ્ધાનું કેન્દ્ર છે, તો બીજી તરફ સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવું વિશ્વનું સૌથી ઊંચું પુતળું આધુનિકતાનું પ્રતીક છે. ગુજરાતનું જીવન, તહેવારો, ખાણપીણું, ગરબા અને રંગભૂમિ એટલી સજીવ છે કે ગુજરાતી સંસ્કૃતિને ઓળખવી અને તેનો ભાગ બનવું એ કોઈપણ માટે આકર્ષણનો વિષય છે. દેશના GDPમાં ગુજરાતનું યોગદાન સતત નોંધપાત્ર રહ્યું છે. આજે પરિસ્થિતિ એવી બની છે કે ભારતના અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો રોજગાર, સુરક્ષા અને વ્યવસાઈ તકો માટે ગુજરાતમાં સ્થળાંતર કરી રહ્યા છે. આ ગુજરાત મોડેલની સાર્વત્રિક સ્વીકાર્યતા દર્શાવે છે. જ્યારે આપણે ગુજરાતના ભવિષ્ય તરફ નજર કરીએ છીએ, ત્યારે તે વધુ ઉજ્જવળ અને ગતિશીલ દેખાય છે. સરકારની સકારાત્મક નીતિઓ અને ગુજરાતના લોકોની પ્રગતિશીલ માનસિકતા મળીને નવા પરિમાણો સર્જી રહી છે. ગાંધીનગરમાં આવેલી ગિફ્ટ સિટી (ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી) દેશનું પહેલું ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર છે. તે હોંગકોંગ અને સિંગાપોરની સ્પર્ધા કરી રહ્યું છે. એ જ રીતે, ધોલેરા સ્માર્ટ સિટી ભવિષ્યના શહેરોનો એક રોડમેપ પૂરો પાડે છે. આ પ્રોજેક્ટ્સ દર્શાવે છે કે ગુજરાત માત્ર હાલમાં જ નહીં, પણ આવનારા દાયકાઓ માટે વ્યવસ્થિત આયોજન સાથે આગળ વધી રહ્યું છે. ગુજરાત માટે ગૌરવની વાત એ પણ છે કે અમદાવાદ શહેરને ૨૦૨૯ની કોમનવેલ્થ રમતોત્સવના યજમાન અધિકાર સોંપવામાં આવ્યા છે. આ વૈશ્વિક રમતોત્સવનું આયોજન ગુજરાતની વહીવટી ક્ષમતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક સ્તરે પહોંચવાની તૈયારી દર્શાવે છે. કોમનવેલ્થ ગેમ્સની યજમાની માત્ર એક રમતોત્સવ નથી, પરંતુ તે સમગ્ર વિશ્વને ગુજરાતની ક્ષમતાઓનું દર્શન કરાવવાની એક સુવર્ણ તક છે. નિષ્કર્ષમાં કહી શકાય કે ગુજરાત સાચા અર્થમાં પ્રગતિનું એક એવું કેન્દ્ર છે, જ્યાં તમે જે દિશામાં પણ નજર કરો, વિકાસનાં ચિહ્નો તમારું સ્વાગત કરે છે. પણ આ વિકાસની સૌથી મોટી તાકાત એ છે કે તે માત્ર સરકારી નીતિઓનું પરિણામ નથી, પરંતુ અહીંના સામાન્ય માનવીની પ્રગતિશીલ વિચારસરણીનું પ્રતિબિંબ છે. એક તરફ ઉદ્યોગપતિઓ સ્થાનિક બ્રાન્ડ્સને વૈશ્વિક બનાવે છે, તો બીજી તરફ ખેડૂતો અને મજૂરો પોતાની શ્રમસાધના દ્વારા રાજ્યની ઉત્પાદન ક્ષમતા વધારે છે. ગુજરાત આપણને શીખવે છે કે સંઘર્ષ ક્યારેય કાયમી દુઃખ લાવતો નથી, તે માત્ર શિખર સર કરવાનો પાયો નાખે છે. આજે, ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી વખતે, આપણે માત્ર એક રાજ્યની સિધ્ધિઓ જ નહીં, પરંતુ સતત આગળ વધતા એક સજીવ વિચારનો ઉત્સવ ઉજવી રહ્યાં છીએ. આ તે વિચાર છે જે ક્યારેય સ્થિર નથી રહેતો, જે હંમેશા કંઈક નવું સર્જવા, કંઈક મોટું હાંસલ કરવા માટે તત્પર રહે છે અને આ જ ગુજરાતની અમૃત કહાની છે.

**ગુજરાત શબ્દ સાંભળતાં જ મોટાભાગના લોકોને ભારતના પશ્ચિમી કાંઠે આવેલું એક સમૃધ્ધ રાજ્ય યાદ આવે છે, પરંતુ વાસ્તવિકતા તો એ છે કે ગુજરાત માત્ર ભૌગોલિક સીમાઓથી બંધાયેલું રાજ્ય નથી, પરંતુ તે એક સતત વિકસતો, જીવંત અને ગતિશીલ વિચાર છે. આ વિચારે સંઘર્ષ, બલિદાન, ઉદ્યોગ સાહસિકતા, શિક્ષણ, સંસ્કૃતિ અને નવીનતાના સંગમથી એવી ઊંચાઇઓ હાંસલ કરી છે જે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રેરણારૂપ બની છે.**

## શબ્દ સંજોગ-૨૧૯૦



**આડી ચાવી :**
(૧) પ્રસુતાનો એક રોગ (૩)
(૩) રોજિંદા દામ લઈ મહેનત કરનાર (૩)
(૬) બલિને છળવા થયેલો વિષ્ણુનો પાંચમો અવતાર (૩)
(૭) એક કંદ (૩)
(૯) એક વેલો (૨)
(૧૦) ત્રાહિત, મધ્યસ્થ (૩)
(૧૧) નિશાનીની લીટી (૨)
(૧૨) ધારો, રિવાજ (૨)
(૧૩) મમત, સરસાઈ (૨)
(૧૫) શરીરનો એક અવયવ (૨)
(૧૬) પાંચ ખૂણાવાળી આકૃતિ (૪)
(૧૮) નાની કાચી કેરી (૩)
(૨૦) દુ:ખ, કષ્ટ (૩)
(૨૨) ગરીબ (૨)
(૨૫) બાર વર્ષનો ગાળ કે સમય (૨)
(૨૬) સરસ્વતી નદી તટે વસેલુ એક શહેર (૩)
(૨૭) પ્રામાણિક, સાચુ (૨)
(૨૯) એક ફૂલઝાડ (૪)

**ઉભી ચાવી :**
(૧) ઘણા દિવસનું ભૂખ્યુ (૨)
(૨) પંચ, પંચાતિયો (૩)
(૩) ......હોય તો માળવે જવાય (૨)
(૪) આંબો (૩)
(૫) ઈટાલીનું એક શહેર (૨)
(૮) ઘસરકો, ઉઝરડો (૩)
(૯) તોર, અભિમાન (૨)
(૧૧) આગલા ધણીનું બાળક (૫)
(૧૨) દાસ, નોકર (૩)
(૧૪) મનનો તરંગ (૩)
(૧૫) કીર્તિ (૩)
(૧૭) ભગવાન વિષ્ણુનુ એક આયુધ (૨)
(૧૯) ધરપકડ કરવાનો સરકારી પરવાનો (૩)
(૨૧) તપ, તપશ્ચર્યા (૩)
(૨૩) બાંધેલો લોટ (૩)
